**અમદાવાદ (ગામ્ય)ના એડી. જયુડીશીયલ /જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) ની કોર્ટમાં,**
**મુ. મીરઝાપુર, અમદાવાદ.**

---

**ફોજદારી કેસ નંબર :૪૭૪૦/૨૦૦૨**
**આંક: ૩**

ફરિયાદી: શ્રી સરકાર( એન.એન.રાવ, કારખાના નિરીક્ષક)

**વિરુઘ્ધ**

આરોપીઓ: સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાળા.

આરોપી: ધી કારખાના અધીનિયમ- ૧૯૪૮

**-: ચુકાદો:-**

(૧) ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી તારીખ ૨૪/૭/૦૨ના રોજ કારખાનાની કારખાના ધારાની પાત્રતા તપાસવા મુલાકાતે ગયેલ. મુલાકાત સમયે કારખાનામાં તપાસ કરતા જાણવા મળેલ કે કારખાનાની જગ્યા તેના ઉપરના મકાનનું બાંધકામ અને તેમાં રહેલા મશીનરીને સદર કારખાના તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સદર સ્થળ મમાન બાંધકામ તેમાં રહેલા મશીનરીને કારખાના તરીકે વાપરવા માટે અગાઉથી મંજુરી મેળવવા માટે તેની અરજી નમુના નંબર ૧ તથા સદર સ્થળ મકમાન બાંધકામ માશીનરી લે આઉટ સાથેના નકશા કારખાના ના મુખ્ય નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદની લેખિત પુર્વ મંજુરી મેળવ્યા સિવાય કારખાનાની જગ્યા તથા મકાનનો કારખાના તરીકે ઉપયોગ કરીને આરોપીએ ગુજરાત કારખાના નિયમ ૧૯૬૩ ના સુધારેલ નિયમ ૩(એ) નો ભંગ કરીને કારખાના અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૯૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ આરોપીઓ સામે આંક: ૧ થી ફરિયાદ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આજરોજ આરોપીના સમન્સ બજતા તેઓએ હાજર થઈ તેઓની સામે મુકવામાં આવેલ ગુનો સ્વેચ્છાએ કબુલ કરવા માટે આંક: ૨ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે આધારે આરોપીનું નિવેદન લેતાં આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે આરોપી તેની સ્વૈચ્છીક કબુલાત પુરસીસમાં જણાવે છે કે તેનો આ પ્રથમ ગુનો છે અને તેઓ બાળબચ્ચા વાળા માણસો હોઈ તેની ઉપર દયા કરવા અરજ કરેલ છે. આમ આજરોજ નામદાર સર્વોચ્ચ અદાલત દવારા નેશનલ લોક અદાલતનું અયોજન કરવામાં આવેલ છે અને સાથે સાથે સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે અને તે લગત જ આરોપીને સમન્સ મોકલવામાં આવેલ છે અને આરોપીએ હાજર રહીને આજરોજ કબુલાત કરેલ છે તે હકીકત ઘ્યાને લેતા આરોપીની કબુલાત તે સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવે છે તેથી આરોપીની સ્વૈચ્છીક કબુલાત કોર્ટ

સમક્ષની દયાની માંગણી અને કેસના સંજોગો તેમજ આક્ષેપીત ગુના અંગે થનાર સજાની જોગવાઈને લક્ષમાં લેતાં જો આરોપીને સદરહુ ગુનામાં દોષીત ઠેરવી ઓછામાં ઓછી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ મારુ માનવુ હોઈ આરોપીને સદરહુ ગુનામાં દોષીત ઠેરવી નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**હુકમ**

આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ રપર મુજબ ધી કારખાના અધિનિયમ– ૧૯૪૮ની કલમ ૨(એમ)૧ મુજબ દોષિત ઠરાવી આરોપીને નિયમના ભંગ બદલ રુ. ૨૦૦૦/– (રુપિયા બે હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવાંમા આવે છે.

કુલ દંડ રુા ૨૦૦૦/– (અંકે રુપિયા બે હજાર પુરા) જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન ૩ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

**આ ચુકાદો આજ તારીખ ૨૨ માહે એપ્રીલ સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૨૨/૦૪/૨૦૧૮
સ્ગળ:અમદાવાદ

**(ટી.એચ.પંજાબી)**
એડી. જ્યુડી.મેજી.ફ.ક.,
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર.
જી જે–૦૧૦૭૬